# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-06-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## <u>વિદેશમંત્રીની યુરોપ મુલાકાત:</u>

**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ગઈકાલથી ફ્રાન્સ, યુરોપીય સંઘ અને બેલ્જિયમની સાત દિવસની મુલાકાતે છે. ડૉ. જયશંકર ફ્રાન્સમાં વિદેશ મંત્રી અને યુરોપ બાબતોના મંત્રી જ્યા-નોએલ બૈરોટ સાથે ચર્ચા કરશે. ડૉ. જયશંકર પ્રથમ ભૂમધ્ય રાયસીના સંવાદમાં પણ ભાગ લેશે.**

**વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડૉ. જયશંકરની આ મુલાકાત યુરોપીય સંઘ, ફ્રાન્સ અને બેલ્જિયમ સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધોને મજબૂત બનાવશે અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વેગ આપશે.**

---------------------------------------------------------------------------------------

## <u>રાજ્યપાલ-દ્વારકા:</u>

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દ્વારકા જિલ્લાના** ભથાણ ચોક **સ્થિત ગૌ શાળાની મુલાકાત લઈને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો અને ગૌશાળાના સંચાલકો સાથે બેઠક યોજી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે,** ગૌ માતાનું દૂધ તમામ કરતાં સર્વોત્તમ છે. અને આજના ઝડપી સમયમાં જ્યારે રોગો તથા બીમારીઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે, ગૌ માતાનું દૂધએ તમામ રોગોથી બચવા માટે શ્રેષ્ઠ છે તેમ વૈજ્ઞાનિકોએ પણ સ્વીકૃત કર્યું છે. આ પ્રસંગે ગૌશાળામાં સેવા બજાવતા ગૌ સેવકોને રાજ્યપાલના હસ્તે સન્માનિત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય કૃષિમંત્રી-કૃષિપાક :

**કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે સરળતાથી ખેતી કરી શકાય તેવા ફળો અને પાક તરફ કૃષિનું વૈવિધ્યકરણ આ ક્ષેત્રના વિકાસ માટે જરૂરી છે. 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' ના ભાગ રૂપે બેંગલુરુની મુલાકાત દરમિયાન શ્રી ચૌહાણે ડ્રેગનફ્રૂટની ખેતીના ફાયદાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું હતું કે ડ્રેગનફ્રૂટની ખેતીમાં રાસાયણિક ખાતરની જરૂર નથી, કારણ કે કુદરતી ખાતર તેને ઓર્ગેનિક પાક બનાવે છે.**

---

## ભારતીય સેનાના વડા:

**ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઈકાલે ઉત્તરાખંડના ગઢવાલમાં તૈનાત દળોની કામગીરી અને વહીવટી સજ્જતાની સમીક્ષા કરી. દરમિયાન, શ્રી દ્વિવેદીએ સરહદોની રક્ષા કરતા સૈનિકો સાથે વાતચીત કરી હતી અને તેમના અતૂટ સમર્પણ, સ્થિતિસ્થાપકતા અને વ્યાવસાયીકરણ માટે તેમની પ્રશંસા કરી હતી. તેમણે પરિચાલન સજ્જતા અને સતત તકેદારીના ઉચ્ચ ધોરણો જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.**

---

## કંડલા વાવાઝોડાની સ્મૃતિ:

કચ્છમાં કંડલાના સાગર કિનારે વિઝાયેલા વિનાશકારી વાવાઝોડાની હોનારતને આજે 28 વર્ષ પૂરા થાય છે. પૂરા 28 વર્ષ પહેલાં 9 મી જૂન 1998ની સવારે સર્જાયેલી હોનારતે મોટી જાનહાનિ અને ભારે તારાજી સર્જી હતી. દેશના પશ્ચિમે કંડલા મહાબંદરને મોટું નુકસાન થયું હતું. આજે આ હોનારતની વરસી તિથિ નિમિતે તેનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ યાદ કરી અંજલિ અપાય છે.

---

## શાળાઓ શરૂ:

આજથી રાજ્યભરમાં ઉનાળું વેકેશન પૂરું થતાં શાળા મહા શાળાઓ શૈક્ષણિક પ્રવૃતિઓથી ધમધમતી થઇ જશે. નવા શૈક્ષણિક સત્રનો આજથી આરંભ થશે. નવા વર્ષમાં કેટલાક અભ્યાસક્રમો અને પાઠ્ય પુસ્તકોમાં ફેરફાર અમલી બનશે

ગઈકાલે વેકેશનના છેલ્લા દિવસે સમગ્ર કચ્છની બજારોમાં છાત્ર-છાત્રાઓ શૈક્ષણિક વસ્તુઓની ખરીદી અર્થે નીકળતાં સ્થાનિક બજારોમાં ધમધમાટ ફેલાયો હતો.

---

## કોરોના કેસ:

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં કોરોનાના નવા 185 કેસ નોંધાતાં કોરોનાના કુલ કેસનો આંક 1,007 થયો છે. છેલ્લા ત્રણ દિવસમાં જ કોરોનાએ 1000નો આંક વટાવ્યો છે. રાજ્યમાં નોંધાયેલા કુલ કોરોનાના 1,007 પૈકી 980 સક્રિય કેસ છે.

તો જીલ્લા મથક ભુજમાં વધુ 3 લોકો કોરોના સંક્રમિત થતાં જીલ્લામાં કુલ નોંધાયેલા કેસનો આંક 26 પર પહોંચ્યો છે. અને હાલ કોરોનાના સક્રિય કેસનો આંક 17 પર પહોંચ્યો છે.

રાજ્યમાં દવા અને ઓક્સિજનનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવતા આરોગ્યમંત્રીએ લોકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

---

## ITIનું અપ્રગેડેશન:

છેવાડાના લખપત તાલુકાના પાન્ધ્રોમાં આવેલી આઇટીઆઈનું પીપીપી મોડથી અપગ્રેડેશનનો નિર્ણય લેવાયો છે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના અપગ્રેડેશન માટે રસ ધરાવતા ઇન્ડસ્ટ્રી પાર્ટનર પાસેથી 30 જૂન સુધી અરજી મંગાવાઈ છે. કેન્દ્ર / રાજય સરકારની નાણાકીય સહાયથી વ્યવસાયિક તાલીમની ગુણવત્તામાં સુધારાલક્ષી યોજના અમલમાં છે.

કેન્દ્ર પુરસ્કૃત પીપીપી સ્કીમ હેઠળની ઔધોગિક તાલીમ સંસ્થામાં માંડવી (સુરત), ભરૂચ અને પાન્ધ્રો ઉપરાંત રાજય પુરસ્કૃત પીપીપી સ્કીમ હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કોડીનાર, બરવાળા, ગઢડા, સાંતલપુર અને ઉમરેઠનો સમાવેશ કરાયો છે.અરજી કરનાર ઉદ્યોગ જિલ્લાની અંદર અથવા 100 કિમી ત્રિજ્યામાં સ્થિત હોવું જોઈએ.

---